ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ-૦૧** **તા.૦૨.૧૦.૨૦૧૭**

**ગાંધી જયંતિના પાવન અવસરે પૂજ્ય બાપુની જન્મભૂમિ પોરબંદરથી ગુજરાત ગૌરવ યાત્રાનો રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે શુભારંભ**

**ગુજરાતને ગૌરવ છે મહાત્મા ગાંધીનું, ગૌરવ છે શ્રી સરદાર સાહેબનું, ગૌરવ છે શ્રી નરેન્દ્રભાઈ મોદીનું અને ગૌરવ છે વિકાસનું - કોંગ્રેસને શેનું ગૌરવ હોય? - શ્રી અમિતભાઈ શાહ**

-----------

**ભાજપાના શાસનમાં આવવાથી ગુંડારાજ અને કોંગ્રેસનો સફાયો થયો છે તે ગુજરાતની શાણી અને સમજુ પ્રજા સુપેરે જાણે છે – શ્રી અમિતભાઈ શાહ**

-----------

**ભાજપાના ત્રણ વર્ષના શાસનનો હિસાબ માંગતી કોંગ્રેસ સતત ત્રણ પેઢીથી ગુજરાતને થતા હળાહળ અન્યાય વિશે ગુજરાતીની જનતાને હિસાબ આપે. - શ્રી અમિતભાઈ શાહ**

-----------

**ભ્રષ્ટાચારમુક્ત પારદર્શક શાસન, રાષ્ટ્રવિરોધી તત્વોનો સર્જીકલ સ્ટ્રાઇક દ્વારા સફાયો કરનાર શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વના શાસનનું ગુજરાતને ગૌરવ છે. - શ્રી અમિતભાઈ શાહ**

-----------

**છેલ્લા બે દાયકાથી ગુજરાતને કરફ્યુમુક્ત રાખવાનું તથા સરદાર સાહેબના સ્વપ્નની નર્મદા યોજના પરિપૂર્ણ કરવાનું, ગુજરાતને ટેન્કરમુક્ત રાજ્ય બનાવવાનું તથા અંધારાને ઉલેચીને ગુજરાતને જ્યોતિર્ગ્રામથી પ્રકાશિત કરવાનું ગુજરાતને ગૌરવ છે. - શ્રી અમિતભાઈ શાહ**

-----------

આજ રોજ ગાંધીજયંતિના પાવન પર્વ નિમિત્તે પૂજ્ય બાપુની જન્મભૂમિ પોરબંદરથી ૫૦ હજાર કરતાં વધુ જનમેદનીની ઉપસ્થિતિમાં ગુજરાત ગૌરવ યાત્રાનો રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના વરદ્ હસ્તે શુભારંભ કરવામાં આવ્યો. ગુજરાત ગૌરવ યાત્રાના દ્વિતિય ચરણ દ્વારા પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતમાં જન જન સુધી પહોંચીને કોંગ્રેસના જુઠાણાં અને ભાજપા શાસનમાં થયેલા વિકાસના અને પ્રજાકલ્યાણના કાર્યોની સચોટ માહિતી પ્રજા સમક્ષ લઇ જવામાં ભાજપાના હજારો કાર્યકરો ઉમંગભેર જોડાશે.

ગુજરાત ગૌરવ યાત્રાના અવસરે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે ગાંધીજયંતિ નિમિતે પૂજ્ય બાપુની જન્મભૂમિ ઉપર ગાંધીજીને સ્મરણાંજલિ અર્પતા જણાવ્યું હતું કે આ યાત્રા ગુજરાતના ગૌરવ, અભિમાન, અસ્મિતા અને ઓળખની છે. કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કરતા તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસ તેના શાસનકાળ દરમ્યાન કઈ વિરાસત મુકીને ગઈ હતી તે વિષે વિચારે. કોંગ્રેસના રાજમાં “અહીંથી પોરબંદરની હદ શરુ થાય છે અને કાયદાનું શાસન સમાપ્ત” તેવા બોર્ડ પ્રજાએ જોયેલા છે. વળી શહેરોના નામ મમુંમિયા, પંજુમીયા, લતીફના નામથી જાણીતા હતા. હમેશા કોંગ્રેસે રમખાણ, તોફાનો અને કર્ફ્યુ જ રાજ્યને આપેલા હતા. તેની સરખામણીમાં ભાજપા શાસનમાં આ ભયનું સામ્રાજ્ય દુર કરી રાજ્યમાં કાયદાનુ શાસન આપી પ્રજાને ભયમુક્ત બનાવીને ભાજપે છેલ્લા બે દાયકાથી કર્ફ્યુમુક્ત, સુખ, શાંતિ અને સલામતિનું શાસન આપ્યું છે તેનું અમને ગૌરવ છે. ભાજપના શાસનમાં ૨૪ કલાક વીજળી, નર્મદાનું પાણી દુર-સુદુર સૌરાષ્ટ્ર તથા કચ્છની તરસી ભૂમિ સુધી પહોંચાડ્યું, છેવાડાના માનવીને ઘરના ઘરની સુવિધા આપી, કૃષિ ઉત્પાદનમાં ધરખમ વધારો કર્યો, ખેડૂતો માટે કૃષિ ધિરાણ ૧૮ ટકાથી ઘટાડી ૧ ટકાના વ્યાજે કરી આપ્યું, રીવરફ્રન્ટની પરિકલ્પના સાકાર કરી. રાજકોટમાં ઇન્ટરનેશનલ હવાઈમથકની મંજુરી આપી. ગુજરાતને એક વિકસિત રાજ્ય બનવવાનું ગૌરવ ગુજરાતની ૬ કરોડ જનતાને છે. કોંગ્રેસને હિસાબ માંગવાનો અધિકાર નથી. કોંગ્રેસ રાજ્યની ૬ કરોડની જનતાને હિસાબ આપે કે સરદાર સાહેબને કરેલા અન્યાયનો, નર્મદા યોજનાને ખોરંભે ચડાવવા માટે તેણે કરેલા હીન પ્રયાસોનો, ગુજરાતના હકના પૈસા ગુજરાતને નહી આપીને, શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસના રથને રોકવાનું હીન કામ કર્યું – તેનો કોંગ્રેસ પાસે શું જવાબ છે? લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારની ચિંતા કર્યા કરતા રાહુલબાબા તમારી ત્રણ પેઢી સુધી ગુજરાતને જે અન્યાય કર્યો તેનો હિસાબ ગુજરાતની ૬ કરોડ પ્રજા માંગે છે. ભાજપાના શાસનમાં આવવાથી ગુંડારાજ અને કોંગ્રેસનો સફાયો થયો છે તે ગુજરાતની શાણી અને સમજુ પ્રજા સુપેરે જાણે છે.

...૨...

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી શાહે વધુમાં જણાવ્યું હતું કે, ઉરીની આતંકવાદી ઘટના પછી સર્જિકલ સ્ટ્રાઈક વખતે સેનાના અધ્યક્ષને માટે 'ગુંડા' શબ્દ પ્રયોગ કરીને સેનાનું મનોબળ તોડવાનું હીન કામ કોંગ્રેસ જ કરી શકે. આવા કાળા કરતુતોનો ભંડાર એટલે કોંગ્રેસ. છેલ્લી દરેક ચુંટણીમાં કોંગ્રેસનો રકાસ થયો છે, જનતા તેનાથી વિમુખ થતી જાય છે, તેમ છતાં ગુજરાત વિધાનસભાની ચુંટણીઓ જીતવા કોંગ્રેસરૂપી શેખચલ્લીઓ નીકળી પડ્યા છે તેવો વેધક કટાક્ષ શ્રી અમિતભાઇ શાહે કર્યો હતો.

અંતમાં, શ્રી શાહે જણાવ્યું હતું કે શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસના રથને આગળ લઇ જવા, ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા ઉપમુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના હાથ મજબુત કરવા અને ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૦થી વધુ કમળ ખીલવવા કાર્યકરોને કમર કસવાની શ્રી અમિતભાઈ શાહે હાકલ કરી હતી.

પોરબંદર ખાતે જનમેદનીને સંબોધન કરતાં ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતું કે, પરમ પુજ્ય મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઇ પટેલની જોડીએ દેશને નવી દિશા આપી હતી. તેવી જ રીતે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની જોડી દેશને નવી દિશા આપી રહી છે. મહાત્મા ગાંધીની જન્મભૂમિથી ગુજરાત ગૌરવ યાત્રાની શરૂઆત થઇ રહી છે જ્યારે ગઇકાલે સરદાર વલ્લભભાઇ પટેલની જન્મભૂમિ કરમસદથી ગુજરાત ગૌરવ યાત્રાની શરૂઆત કરવામાં આવી હતી. સરદાર વલ્લભભાઇ પટેલ અને મહાત્મા ગાંધી જેવી વિશ્વવંદનીય વિભૂતિઓ ગુજરાતનું ગૌરવ છે. આ ગૌરવ યાત્રા એ વિકાસની ગૌરવ યાત્રા છે. આપણા ભાજપાના રાષ્ટ્રને સમર્પિત એવા મહાનુભાવોને ભૂતકાળમાં જે રીતે સેવા અને સમર્પણની ભાવના સાથે રાષ્ટ્રની સેવા કરી છે તેના લીધે જનતા-જનાર્દનના અનહદ પ્રેમ, લાગણી અને આશીર્વાદ આપણે પ્રાપ્ત થયા છે. જે અહી સ્વયંભૂ ઉપસ્થિત જનમેદનીથી સ્વયંસ્પષ્ટ છે. ગઇકાલથી શરૂ થયેલ ગુજરાત ગૌરવ યાત્રાને ઠેર-ઠેર પ્રજાના પ્રેમ અને આશીર્વાદ પ્રાપ્ત થઇ રહ્યા છે.

આ પ્રસંગે કેન્દ્રિય મંત્રીશ્રી પુરુષોત્તમ રૂપાલાજીએ તેમની આક્મક શૈલીમાં સંબોધન કર્યુ હતું. વિકાસને વિકૃત સ્વરૂપે ચીતરનારા તત્વો ઉપર આકરા પ્રહારો કરતાં કેન્દ્રિય મંત્રીશ્રી પુરુષોત્તમ રૂપાલાજીએ જણાવ્યું હતું કે, હિન્દુસ્તાનના રાજકારણમાં વિકાસ શબ્દ એ નરેન્દ્રભાઇની દેન છે. એના પહેલા કોંગ્રેસ પ્રજામાં વૈમનસ્ય ઉભું કરીને નાત-જાતના નામે મતોનું રાજકારણ ખેલતી હતી. રાહુલ ગાંધીને ગાંડા બાવળ સાથે સરખામણી કરતાં વધુમાં રૂપાલાજીએ જણાવ્યું હતું કે, પંજાબની ચૂંટણી વખતે ત્યાંના કોંગ્રેસના ઉમેદવાર વિકાસના નામે વોટ માંગતા હતા. તેઓ પ્રજાને સ્પષ્ટ કહેતા હતા કે જો તેઓ સત્તામાં આવશે તો જે રીતે નરેન્દ્રભાઇએ ગુજરાતનો વિકાસ કર્યો છે તે રીતે પંજાબનો વિકાસ કરશે. આજે સમગ્ર દેશમાં નરેન્દ્રભાઇના વિકાસનું મોડલ અનુકરણીય બન્યું છે.

ગુજરાતના પ્રભારી ભાજપાના રાષ્ટ્રીય મહામંત્રીશ્રી ભૂપેન્દ્ર યાદવ, પૂર્વ મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ, કેન્દ્રિય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા અને આ ગુજરાત ગૌરવ યાત્રાના ઇન્ચાર્જશ્રી આઇ. કે. જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યના મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયાએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ.

પોરબંદર ખાતેની વિશાળ સભામાં ખુલ્લી જીપમાં આવેલ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ, પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી તેમજ પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવ ઉપર પુષ્પ વર્ષા કરીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ૫૦૦ કરતાં પણ વધુ બહેનોએ માથે બેડા મુકીને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ સહિતના સહાનુભાવોનું અભિવાદન કર્યું હતું. આગેવાનોને કાઠીયાવાડી પાઘડી પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનરશ્રી–મીડિયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૨.૧૦.૨૦૧૭

## વિકાસ અને રાષ્ટ્રવાદ
## ગુજરાતના પર્યાય- શ્રી અરૂણ જેટલીજી

-----------

## ભાજપાની ડિબેટ ટીમને "શ્રી કમલમ્" ભાજપા પ્રદેશ કાર્યાલય ખાતે માર્ગદર્શન અપાયું

-----------

ભાજપાના ચૂંટણીપ્રભારી અને દેશના નાણાંમંત્રીશ્રી અરૂણ જેટલીજીએ આજ રોજ "શ્રી કમલમ્" ભાજપા પ્રદેશ કાર્યાલય ખાતે ભાજપાની ડિબેટ ટીમના કાર્યકરોને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, દેશમાં આઝાદીકાળથી રાજનીતિનો મહત્વનો ભાગ બની ગયેલી મતલક્ષી રાજનીતિ, જાતિવાદી રાજનીતિ અને રાષ્ટ્રને મત લાલસામાં વિભાજીત કરતી રાજનીતિને વિકાસ અને રાષ્ટ્રવાદના માર્ગે લઇ જવામાં ગુજરાતના રાષ્ટ્રભક્ત મતદારો અને ભાજપાના રાષ્ટ્રભક્ત કાર્યકરોએ મહત્વનું યોગદાન આપ્યું છે. વિકાસ અને રાષ્ટ્રવાદ આજે ગુજરાત થકી રાષ્ટ્રના પર્યાય બન્યા છે. વિકાસ અને રાષ્ટ્ર એ ગુજરાતની ઓળખ બની ગઇ છે.

તેઓશ્રીએ ભાજપાની ડિબેટ ટીમના ચુનંદા કાર્યકરોને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, વિકાસ એ રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે અગત્યનો માપદંડ છે ત્યારે વિકાસ વિરોધી અને ગુજરાત વિરોધી માનસિકતા ધરાવતા લોકોને આક્રમકતાથી અને શાલીનતાથી ખુલ્લા પાડવાનું અને સટિક બાબતો તથ્યોના આધારે જનતા સમક્ષ મુકવા આહવાન્ કર્યું હતુ.

ભાજપા મીડીયાની યાદીમાં અંતમાં જણાવાયુ છે કે, આજે યોજાયેલી મીડીયા ડિબેટ ટીમની બેઠકમાં પ્રદેશ મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા, શ્રી કે.સી.પટેલ, પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડ્યા, મીડીયા ઇન્ચાર્જશ્રી હર્ષદભાઇ પટેલ, પૂર્વ કેબીનેટ મંત્રીશ્રી ડૉ. જયનારાયણ વ્યાસ, શ્રી નરહરિ અમીન સહિત અપેક્ષિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનરશ્રી–મીડિયા સેલ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા.૨.૧૦.૨૦૧૭

**"ગુજરાત ગૌરવ યાત્રા"**
**'હું છું ગુજરાત, હું છું વિકાસ'**

-----------

**કેન્દ્રિય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઇરાની આવતીકાલે મધ્ય ગુજરાતમાં, ગૌરવ યાત્રામાં ૫ સભાઓને સંબોધશે.**

-----------

**આવતીકાલે ગુજરાત ગૌરવ યાત્રા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીના નેતૃત્વમાં સૌરાષ્ટ્રના અમરેલી અને જુનાગઢ જીલ્લામાં તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલના નેતૃત્વમાં મધ્ય ગુજરાતના દાહોદ અને મહિસાગર જીલ્લામાં પ્રજાજનોનું અભિવાદન ઝીલશે.**

-----------

પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે, આવતીકાલે ગુજરાત ગૌરવ યાત્રા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીના નેતૃત્વમાં સૌરાષ્ટ્રના અમરેલી અને જુનાગઢ જીલ્લામાં ૬ વિધાનસભા ક્ષેત્રોમાં ૨૦૭ કિલોમીટર અંતર કાપશે તે દરમ્યાન બાબરા, ચિત્તલ, સાવરકુંડલા, ચલાલા, ધારી, મોટા કોટડા અને જુનાગઢ ખાતે જાહેરસભા યોજાશે તથા ૯ સ્થાનો પર સ્વાગત થશે. નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલના નેતૃત્વમાં મધ્ય ગુજરાતના દાહોદ અને મહિસાગર જીલ્લામાં ૬ વિધાનસભા ક્ષેત્રોમાં ૧૬૮ કિલોમીટર અંતર કાપી લીમખેડા, ઝાલોદ, ફતેપુરા, સંતરામપુર, મોરવા હડફ, અને ગોધરા ખાતે જાહેરસભા યોજશે તથા યાત્રાનું ૬ સ્થાનો પર સ્વાગત અને પ્રજાજનોનું અભિવાદન ઝીલશે.

કેન્દ્રિય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઇરાની આવતી કાલે ગૌરવ યાત્રામાં દાહોદ જીલ્લાના ઝાલોદ ખાતે જોડાશે અને ઝાલોદ ઉપરાંત ફતેપુરા,સંતરામપુર, મોરવા હડફ અને ગોધરા ખાતે જાહેરસભા સંબોધશે.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનરશ્રી–મીડિયા સેલ